Extra No. 129

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, MAY 07, 2026 / VAISAKHA 17, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના ૨૨માની કલમ-૩૩(૧)(થ) અન્વયેનો

ન.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./ ૯૪ /૨૦૨૬ - આણંદ જીલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણી તા.૨૩/૦૪/૨૦૨૬ના રોજ યોજાનાર હોઈ આણંદ જિલ્લામાં વિધાનસભાની પેટા ચૂંટણી દરમ્યાન રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર ધ્વારા જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન થતું અટકાવવા તેના ઉપયોગ માટે નિયંત્રણ હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના ૨૨ની કલમ-૩૩(૧)(થ) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે. જે અન્વયે અત્રેથીર પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદત તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થતી હોય, જેની મુદત આગામી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી આ જાહેરનામાથી લંબાવવામાં આવે છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (થ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારમાં આ હુકમની તા.૨૮/૦૪/૨૦૨૬ થી તા.૦૬/૦૫/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચેના મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

નિયમો :-

(૧) કોઈપણ વ્યકિત જાહેર કે ખાનગી જગ્યાઓમાં સુક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડસ્પીકર વગાડી શકશે નહીં. તેમજ જાહેર સભાઓમાં સ્થિત અને ચાલુ વાહનો પરના લાઉડ સ્પીકરોનો ઉપયોગ કરી શકાશે નહીં.

(૨) લાઉડસ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી પરવાનગી મળ્યેથી લાઉડસ્પીકર ફક્ત સવારના ૬.૦૦ કલાકથી રાત્રીના ૧૦:૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય એવી રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણીક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાની રહેશે.

ઉપરોકત હુકમની ભંગ અગર ઉલ્લંધન કરનાર સખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ (બી) (૩) મુજબ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ આણંદ જિલ્લામાં ૧૧૧-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તારને લાગુ પડે છે.

આજ તા.૨૮મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૫/૨૬ - કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ સિંચાઈ વિભાગ, આણંદના તા.૧૦/૦૩/૨૦૨૬ ની અરજીથી બોરસદ તાલુકના બોચાસણ થી વિરોલ ગામ જતાં રોડ ઉપર વિશેલ ગામે અંદાજે ૧ કી.મી. ના અંતરે વિરોલ વિશાખા નહેરની સાંકળ નં.૨૩૭૫ મી. પર જર્જરીત કેનાલ તેના નવિનીકરણની કામગીરી કરવામાં આવનાર હોય, ઉકત કામગીરી દરમ્યાન તમામ પ્રકારના વાહનોની (પગપાળા માટે અવર જવર સિવાય) અવરજવાર માટે ટ્રાફીક ડાયવર્ટ કરવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત કરેલ હતી. જે પરત્વે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પેટલાદે તેમના તા.૧૫/૦૪/૨૦૨૬ના પત્ર નં.પીઓએલ/વશી/૨૩૦ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પં) વિભાગ, આણંદે તેમના તા.૨૮/૦૪/૨૦૨૬ના પત્ર નં.પીબી/વશી/૫૦ તથા પોલીસ અધિક્ષકશ્રી, આણંદના પત્ર નં.સીબી-૫/ડાયવર્ઝન/જાહેરનાનું/૬૯૫૨/૨૬, તા.૦૬/૦૪/૨૦૨૬ થી વૈકલ્પિક માર્ગ સાથે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ આ આદેશની તા.૨૯/૦૪/૨૦૨૬ થી તા. ૩૦/૦૬/૨૦૨૬ સુધી બોચાસણ થી વિરોલ રોડ બંધ કરી ઉકત સમયગાળા દરમ્યાન તમામ પ્રકારના વાહનોની (પગપાળા માટે અવર જવર સિવાય) અવર-જવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવુ છું તથા તે રસ્તા ઉપરથી પસાર થતાં વાહનોને નીચે જણાવેલ માર્ગોએ વાળવા (ડાયવર્ટ કરવા) હુકમ કરું છું"

હયાત રૂટ:-

(૧) બોચાસણ થી વિરોલ ગામ તરફ જતો તમામ વાહન વ્યવહાર

(૨) વિરોલ થી બોચાસણ ગામ તરફ જતો તમામ વાહન વ્યવહાર

વૈકલ્પિક માર્ગ-

(૧) બોચારાણ થી વિશેલ ગામ તરફ જતો તમામ વાહન વ્યવહાર સુંદરણા ગામ થઈને વિશેલ ગામ સુધી જઈ શકશે.

(૨) વિરોલ થી બોચાસણ ગામ તરફ જતો તમામ વાહન વ્યવહાર સુંદરણા ગામ થઈને બોચાસણ ગામ તરફ જઈ શકશે.

આ હુકમની અમલવારી હેતુ નિયત રૂટ ઉપર જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ જરૂરી પોલીસ ગાર્ડ મુકી ટ્રાફીક ડાયવર્ઝન અંગે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

આ હુકમને ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૮મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો હુકમ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૬/૨૬ - આગામી તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ બી.જે.વી.એમ.કોલેજ ખાતે ૧૧૧-ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણીની મત ગણતરી થનાર હોય, જે દિવસે લોકો મોટી સંખ્યામાં ભેગા થનાર છે જે દરમ્યાન ટ્રાફીક નિયમન જળવાઇ રહે તે માટે નીચે જણાવેલ રસ્તા ઉપર ડાયવર્ઝન કરવું જરૂરી હોય, જેથી રોડ બંધ કરતા ટ્રાફિક જામની સમસ્યા થવાની પુરેપુરી સંભાવના હોય, તે માટે તા.૦૪/૦૫/૨૦૨૬ ના રોજ ૧૧૧-ઉમરેઠ વિધાનસભા પેટા ચુંટણીની મત ગણતરી દરમ્યાન સ.ક.૦૬:૦૦ થી મત ગણતરી પુર્ણ ન થાય ત્યાં સુધી રોડ ડાયવર્ઝન અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૩૦/૦૪/૨૦૨૬ના પત્ર નં.એલઆઈબી/વિધ્યાનગર/વિ.સ.પે. ચું/મતગણતરી/રૂટ ડાયવર્ઝન/જાહેરનામું/૧૨૨૧/૨૦૨૬ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૦૪/૦૫/૨૦૨૬ - ના રોજ સ.ક.૦૬:૦૦ થી મત ગણતરી પુર્ણ ન થાય સુધી વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

રૂટ:-

વિદ્યાનગર બાજખેડા ચોકડી તરફ થી શહિદ ચોક સુધીનો વાહનોનો રૂટ બંધ કરવો

વૈકલ્પીક માર્ગો:

(૧) ભાઈકાકા તરફથી મોટા બજાર થઈને ઈસ્કોન મંદીર તરફ અને શહિદ ચોકથી ઈસ્કોન મંદીર તરફ જઈ શકશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

હુકમ.

ગુજરાત મોલીસ અધિનિયમ-૧૯૫૧ની કક્લેમ-૩૭(૧) તથા ૩૭(૩) અન્વયેનો

ન.પીઓએલ/૨/જાહેરનામુ/એસ.આર./૯૭/૨૦૨૬ -આગામી દિવસોમાં ૧૧૧-ઉમરેઠ વિધાનસંભા પેટા ચુંટણી-૨૦૨૬ની મતગણતરી યોજાનાર હોય તેમજ અંત્રેના જિલ્લાની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૧), ૩૭(૩) અન્વયે તા.૦૪/૦૫/૨૦૨૬ થી તા.૧૮/૦૫/૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સુધ્ધાંત)નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના તા.૩૦/૦૪/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.વ્ય /જાહેરનામુ/૧૨૨૨/૨૦૨૬ થી દરખાસ્ત અત્રે મોકલી આપેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તથા ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર આણંદ જીલ્લામાં તા.૦૪/૦૫/૨૦૨૬ થી તા.૧૮/૦૫/૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર,તલવાર ભાલા,ધોકા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારિરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય/ બિન અધિકૃત રીતે ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવુ નહીં, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી તથા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર : સમગ્ર આણંદ જીલ્લો.

ખુલાસો: આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથ, ગલીઓ અને પેટા ગલીઓનો તથા જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ: આ હુકમનો ખંડ-૧ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય જેઓ ફરજ ઉપર હોય તથા અશક્ત લોકોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

મે આજરોજ તા. ૦૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આજ તા.૨૮મી એપ્રિલ, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો કરવામાં આવ્યા.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ જાહેરનામું

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૯૮/૨૦૨૬ - રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, નવી દિલ્હી ધ્વારા NEET (UG)-2026 ની પરીક્ષા આગામી તા.૦૩/૦૫/૨૦૨૬ રવિવાર ના રોજ યોજાનાર છે. જે અન્વયે અત્રેના આણંદ જિલ્લામાં સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમીયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ડાયરેકટર જનરલશ્રી, રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી, નવી દિલ્હીના તા.૧૩/૦૪/૨૦૨૬, પત્ર નં. F.No.N/007/NEET-UG/2026-NTA થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઇ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૦૩/૦૫/૨૦૨૬ રવિવાર ના રોજ સવારના ૧૩:૦૦ થી બપોરના ૧૮:૦૦ કલાક દરમ્યાન સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ:-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૧૩:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોર્ડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં CBSE Delhi ધ્વારા રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, નવી દિલ્હી ધ્વારા NEET (UG)-2026 માટે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

NEET (UG) 2026

Sr. No.	Centre Name	Address	CS Name	Mobile	Email	Allotted Capacity
1	ANAND HIGH SCHOOL	SRKSM CAMPUS ,OPP. TOWN HALL, ANAND	RANA KRUNAL RAMANBHAI	9898264626	anandhighschool@gmail.com	360
2	DN HIGH SCHOOL ANAND	RAILWAY STATION RD, NR. SBI MAIN BRANCH, GAMDI VAD, ANAND, GUJARAT 388001	SH. GIRISH KUMAR D PATEL	9228741424	DNHSPRINCIPAL@GMAIL.COM	480
3	KASTURBA KANYA VIDYALAYA	DN HIGH SCHOOL CAMPUS, STATION ROAD, GAMDI VAD, ANAND, GUJARAT 388001	SMT. NIRALIBEN J KHANDELWAL	8320811299	PRINCIPALKKV@GMAIL.COM	480
4	SARDAR PATEL UNIVERSITY, VVNAGAR	GYANODAYA PARIKSHA BHAVAN, VALLABH VIDYANAGAR, ANAND, GUJARAT 388120	DR. VIJAY KUMAR K PARMAR	9898650531	HEAD_PHARMA@SPUVVN.EDU	480
5	SARDAR VALLABHBHAI PATEL HIGH SCHOOL	KHETIWADI, NR. JAGNATH TEMPLE, ANAND	YOGESH PATEL	9909211913	svpatelhighschoolanand@gmail.com	360
6	TV PATEL HIGHER SECONDARY	NEAR S P UNIVERSITY MAIN ENTRANCE VALLABH VIDYANAGAR - 388120. DIST.: ANAND(GUJARAT)	VIJAYKUMAR R. SUTHAR	9879625251	tvphscvvn@gmail.com	240
		TOTAL				**2400**

આજ તા. ૦૧/૦૫/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.25 16:51:31 IST